જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૬/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૮૯૭ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બીયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૨૬/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ ભાગ્યેશભાઈ સ/ઓ અનિલકુમાર સોની (ઉ.વ.૩૫)(રહે, શિલ્પપાર્ક સોસાયટી, પંચશીલ સોસાયટી પાછળ, ઉસ્માનપુરા) એ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૬ થી તા.૦૨/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કોઈ અજાણી વ્યક્તિએ ભાગ્યેશભાઈના નામે વોડાફોન કંપનીમાં ફોન અથવા મેસેજ દ્વારા તેમના મોબાઈલ ફોનમાં રહેલ વોડાફોન કંપનીનું સીમકાર્ડ બંધ કરાવવા સારૂ રીકવેસ્ટ કરી, કાર્ડ બંધ કરાવડાવી, નેટ બેંકીંગ માટે ઉપયોગ કરાતા કોઈપણ ડીવાઈસમાં અનઓથોરાઈઝ્ડ રીતે પ્રવેશ કરી, નેટ બેંકીંગનો એક્સેસ મેળવી, ભાગ્યેશભાઈનું સીમકાર્ડ બંધ કરાવી, સીમકાર્ડ બંધ રહેવાના સમયગાળા દરમ્યાન તેમના JOHNSON JEWELLERS કંપનીના યશ બેંકના ખાતામાંથી કુલ ૧૬ જેટલા જુદા–જુદા ટ્રાન્ઝેક્શન કરીને અજાણ્યા બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૮૩,૩૭,૦૦૦/– બેંક કેશ ક્રેડીટના રૂપિયા ટ્રાન્સફર કરી લઈ ભાગ્યેશભાઈ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૮૨૭/૨૦૨૬**

શહેરકોટડાઃ પ્રિયાબહેન ડો/ઓ અરુણકુમાર પાંડે (ઉ.વ.૧૯)(રહે. ગોકુળચંદની નવી ચાલી, ચમનપુરા, મેઘાણીનગર) તા.૩૧/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે ખાલસા લિટલ ફલાવર સ્કુલ આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક બર્ગમેન સ્કુટર ઉપર આવેલ ત્રણ પુરૂષ પ્રિયાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૪,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રિયાબહેન પાંડે એ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

નિકોલઃ હર્ષદસિંહ અજીતસિંહ જાડેજા (ઉ.વ.૫૯)(રહે.આકાશગંગા બંગ્લોઝ વિભાગ-૦૧ રાધિકા બંગ્લોઝની બાજુમાં સેંટ મેરી સ્કુલ પાછળ કૃષ્ણનગર) તા.૧૯/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે નિકોલ મનોહરવિલા ચાર રસ્તા આગળ સુરોહી બંગ્લોઝ સામે આવેલ મ્યુનિસિપલ પ્લોટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હર્ષદસિંહ જાડેજાના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હર્ષદસિંહ જાડેજાએ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

ત્રીજા માળેથી પડી જતાં મૃત્યુઃ- **સમાચાર ચાદી નં.૮૨૮/૨૦૨૬**

રામોલઃ વસ્ત્રાલ બાપા સિતારામ ચોક પાસે "શ્રીધર રોયલ" નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા પોતાના મોટા ભાઇ અમિત કમલેશભાઇ ભોહાના નો ૧૭ વર્ષનો નાનો ભાઇ (રહે.ગામઃ-ખરોડ, માજી સરપંચ ફળીયા પાસે, તા/જી.દાહોદ)નાનો શ્રીધર રોયલ સાઇટ ખાતે પોતાની સાથે રહેવા આવ્યો હતો. તા.૧૨/૦૬/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા "સી" બ્લોકના ત્રીજા માળે લીફ્ટના ગાળામાંથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૮૨૯/૨૦૨૬**

ચાંદખેડાઃ વિશાલભાઇ સ/ઓ સુરેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૦)(રહે. સોનાનગર સોસાયટી, આઈ.ઓ.સી રોડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સતિષકુમાર ખુશાલભાઈ ચલાવે છે.

બોડકદેવઃ મીનાબહેન ડો/ઓ બાબુભાઇ ચાવડા (ઉ.વ.૨૧)(રહે. નર્મદા આવાસ ઔડાના મકાનમા, સિંધુભવન રોડ, બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૬/૨૦૨૬ બપોરના ૩/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

દાણીલીમડાઃ સાલેહાબેગમ મોહમ્મદશબ્બીર શેખ **(**ઉ.વ.૨૯)(રહે.આઝાદનગર રો-હાઉસ, ખજુરી રોડ, બેરલ માર્કેટ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૬ ના કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ભલાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી